For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### આરોપી પાસે દવાઓના કોઈ બીલ કે આધાર પુરાવા જ નથી..!

# માંજલપુરમાંથી શક્તિવર્ધક દવાઓનો જથ્થો ઝડપાયો, રશિયા-ઓસ્ટ્રિયાથી મંગાવાયા સ્ટેરોઈડ

**ક્રાઇમ** બ્રાન્ચે એક શખ્સને દબોચ્યો, રૂ.2.83 લાખનો મુદ્દામાલ કબ્જે




(પ્રતિનિધિ) વડોદરા, તા.0

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાંથી રશિયા તેમજ ઓસ્ટ્રિયા દેશથી આયાત કરેલી સ્ટેરોઈડ ટેબ્લેટ અને ટેસ્ટોસ્ટેરોન હોર્મોનના ઈન્જેક્શનનો ગેરકાયદે વેચાણ કરતો એક શખ્સ ક્રાઈમ બ્રાન્ચના હાથે ઝડપાયો છે. બોડી બિલ્ડીંગમાં ટૂંકા સમયમાં મસલ ગેઈન કરાવી આપવાના ખોટા દાવા સાથે યુવાધનને ગેરમાર્ગે દોરતી આ શક્તિવર્ધક દવાઓનો રૂ. 2.83 લાખનો બીલ વગરનો જથ્થો કબ્જે કરી માંજલપુર પોલીસને સુપ્રત કરવામાં આવ્યો છે.

વડોદરા શહેરમાં કેટલાક શખ્સો દ્વારા તબીબી પ્રિસ્ક્રિપ્શન વગર શરીર માટે હાનિકારક સ્ટેરોઈડ અને હોર્મોન આધારિત દવાઓ ન્યુટ્રીશનલ સપ્લીમેન્ટ તરીકે ગેરકાયદે વેચાણ કરવામાં આવતું હોવાની માહિતીના આધારે ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ અને હ્યુમન સોર્સના સહારે તપાસ શરૂ કરી હતી. દરમિયાન બાતમી મળી હતી કે માંજલપુર તુલસીધામ ચાર રસ્તા પાસે દેવપુષ્પ કોમ્પ્લેક્સમાં આવેલી 'સિદ્ધી ન્યુટ્રીશન' નામની દુકાનમાં શંકાસ્પદ દવાઓનું વેચાણ થાય છે.

આ આધારે ક્રાઈમ બ્રાન્ચે દુકાનમાં દરોડો પાડ્યો હતો, જ્યાંથી અભિષકુમાર અશોકકુમાર કોરી (રહે. જયરામનગર, એરફોર્સ રોડ, મકરપુરા) ને ઝડપી લેવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન દુકાનમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી સ્ટેરોઈડ દવાઓ તેમજ ટેસ્ટોસ્ટેરોન હોર્મોનના ઈન્જેક્શન વીઆલ અને બોક્સ પેકિંગ મળી આવ્યા હતા. આરોપી પાસે આ દવાઓના કોઈ બીલ કે આધાર પુરાવા ન હોવાનું બહાર આવ્યું હતું.

બિલ વગર અને તબીબી પ્રિસ્ક્રિપ્શન વિના સ્ટેરોઈડ તથા હોર્મોન આધારિત દવાઓનું વેચાણ માનવ સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમરૂપ હોવાનું જણાતા પોલીસે રૂ. 2.83 લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી માટે માંજલપુર પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

## રિવ્યુ બેઠકમાં સ્વચ્છતા અને વિકાસકાર્યો પર ભાર અપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.10

મ્યુનિસિપલ કમિશનરના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, આસિસ્ટન્ટ કમિશનરો, સેનેટરી ઈન્સ્પેક્ટરો અને વિવિધ વિભાગના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકની શરૂઆતમાં કમિશનરે શહેરની સફાઈ વ્યવસ્થા અંગે કડક વલણ અપનાવ્યું હતું. તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે, માત્ર મુખ્ય માર્ગો જ નહીં, પણ શહેરની આંતરિક ગલીઓમાં પણ 100% સફાઈ સુનિશ્ચિત કરવી. રાત્રિ સફાઈની કામગીરી વધુ સઘન બનાવવી જેથી સવારે નાગરિકોને સ્વચ્છ વાતાવરણ મળે. કચરાના નિકાલ માટે સેનેટરી ઈન્સ્પેક્ટરોએ ગ્રાઉન્ડ લેવલ પર કડક નિરીક્ષણ કરવું. શહેરમાં ઠેર-ઠેર ચાલી રહેલા ગટર લાઈનના કામ અંગે કમિશનરે જણાવ્યું હતું કે, વડોદરામાં વર્ષો જૂની નાની લાઈનોને બદલીને વધારે ક્ષમતા ધરાવતી નવી લાઈનો નાખવાની કામગીરીને લીધે અત્યારે થોડી અગવડ પડી છે, પરંતુ ભવિષ્યમાં ગટરની સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે.

### હાઈકોર્ટે 'મનમાની નહીં ચાલે' કહી કાર્યપાલ ઇજનેરની પસંદગી રદ કરી

# આખરે ગુજરાત હાઈકોર્ટે કાર્યપાલક ઈજનેર ધાર્મિક દવેની નિમણૂંક રદ કરી

**મેરિટમાં** પ્રથમ ક્રમે હોવા છતાં જતીન કલાઠીયાની અવગણના કરાઈ હતી



(પ્રતિનિધિ) વડોદરા. તા.10

વડોદરા મહાનગરપાલિકામાં કાર્યપાલક ઈજનેર (Executive Engineer) ની નિમણૂંક પ્રક્રિયામાં થયેલી ગેરરીતિ મામલે ગુજરાત હાઈકોર્ટે લાલ આંખ કરી છે. પાલિકાની મનસ્વી કામગીરી અને નિયમોના ઉલ્લંઘન પર કડક ટકોર કરતા કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, પસંદગી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સત્તાવાળાઓ પોતાની મરજી મુજબ મેરિટ લિસ્ટમાં ફેરફાર કરી શકે નહીં. વડોદરા મહાનગરપાલિકા દ્વારા કાર્યપાલક ઈજનેરની ભરતી માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયાના અંતે તૈયાર થયેલા મેરિટ લિસ્ટમાં જતીન કલાઠીયા પ્રથમ ક્રમે હતા. નિયમ મુજબ પ્રથમ ક્રમના ઉમેદવારની નિમણૂંક થવી જોઈએ, પરંતુ પાલિકાના સત્તાધીશોએ નિયમોને નેવે મૂકી, મેરિટમાં પાછળ રહેલા ધાર્મિક દવેની પસંદગી કરી હતી. આ અન્યાય વિરુદ્ધ જતીન કલાઠીયાએ ન્યાય મેળવવા માટે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. આ કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે પાલિકાની કાર્યપદ્ધતિ પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. કોર્ટે જણાવ્યું હતું કે, પસંદગી સમિતિ દ્વારા લિસ્ટ તૈયાર થયા બાદ તેમાં મનસ્વી રીતે ફેરફાર કરવો એ સત્તાનો દુરુપયોગ છે. લાયક ઉમેદવારને અન્યાય કરી માનીતાઓને પદ આપવાની પ્રથા લોકશાહી અને પારદર્શક વહીવટ માટે જોખમી છે.

હાઈકોર્ટે ધાર્મિક દવેની નિમણૂંકને તત્કાલ અસરથી રદ કરવાનો આદેશ આપ્યો છે અને મેરિટમાં પ્રથમ ક્રમે આવતા જતીન કલાઠીયાને કાર્યપાલક ઈજનેર તરીકે નિમણૂંક આપવા પાલિકાને તાકીદ કરી છે.

આ ચુકાદા બાદ વડોદરા મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે, અમે હાઈકોર્ટના આદેશનો સ્વીકાર કરીએ છીએ અને તેનું ચુસ્તપણે અમલીકરણ કરવામાં આવશે. જોકે, આ મામલે હવે અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

# સોશિયલ મીડિયામાં શરાબી શોખ, ખાખીને ખુલ્લો પડકાર!

**બોસ** ગ્રુપના આઈડી પરથી અપલોડ વીડિયોમાં યુવક વિદેશી દારૂ સાથે રીલ બનાવતો નજરે પડ્યો



(પ્રતિનિધિ) વડોદરા, તા. 10

વડોદરા શહેરના સોશિયલ મીડિયા પર હાલ એક ચોંકાવનારો વીડિયો વાયરલ થયો છે, જેમાં એક યુવક કારમાં તેમજ બીજી એક જગ્યા પર બેસીને ખુલ્લેઆમ વિદેશી શરાબની બોટલ ખોલી ગ્લાસમાં પેગ બનાવતો નજરે પડે છે. આ વીડિયોમાં યુવકની હરકતો જોઈ એવું લાગી રહ્યું છે કે જાણે તેને કાયદાનો કોઈ ભય જ ન રહ્યો હોય અને પોલીસને ખુલ્લો પડકાર આપી રહ્યો હોય.

સોશિયલ મીડિયામાં ફેમસ થવાની લ્હાયમાં કેટલાક યુવક-યુવતીઓ સમાજ વિરોધી પ્રવૃત્તિઓ કરીને રીલ બનાવતા અને તેને જાહેર પ્લેટફોર્મ પર અપલોડ કરતા જોવા મળી રહ્યા છે. આવાં કિસ્સાઓમાં કાયદાની અવગણના કરી ખાખીધારીને પડકાર ફેંકવાના બનાવો સતત સામે આવી રહ્યા છે. હાલ વાયરલ થયેલા વીડિયોમાં પણ એવો જ દ્રશ્ય જોવા મળે છે, જેમાં યુવક કારમાં વિદેશી શરાબની બોક્સ પેક બોટલ ખોલી પેગ બનાવે છે, જ્યારે બીજા વીડિયોમાં તે અન્ય સ્થળે બેસીને દારૂ પીતા દેખાય છે.

આ બંને વીડિયો 'બોસ ગ્રુપ'ના આઈડી પરથી અપલોડ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. વીડિયો વાયરલ થતાં જ શહેરમાં ચર્ચાનો વિષય બની ગયો છે. ચર્ચા મુજબ ખાખીધારીના કેટલાક કર્મીઓ આ યુવકથી પરિચિત હોવાનું પણ કહેવાઈ રહ્યું છે. હવે જોવાનું રહ્યું કે સોશિયલ મીડિયા પર કાયદાને નેવે મૂકી ખુલ્લો પડકાર આપનાર આ યુવક સામે પોલીસ તંત્ર શું પગલાં ભરે છે.

## ગરમીનો પારો 31.4 ડીગ્રી પર પહોંચ્યો,અઠવાડિયા બાદ ગરમી વધશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

વડોદરા શહેરમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. જેમાં સવારે ઠંડક અને બપોરે ગરમી અનુભવાય રહી છે. છેલ્લા ત્રણ દિવસમાં ઠંડીનો પારો બે ડિગ્રી જેટલો ગગડ્યો છે. અઠવાડિયા બાદ ગરમી વધે તેવી આગાહી નિષ્ણાંતો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

વડોદરા શહેરમાં મંગળવારે મહત્તમ તાપમાન 31.4 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 16.4 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 59% અને સાંજે 38% નોંધાયું હતું. વાતાવરણમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત પલટો જોવા મળી રહ્યો છે. હાલ રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે, જેના કારણે લોકો પરેશાન છે. ઉત્તર ભારતમાં થઈ રહેલી હિમવર્ષાની અસર સીધી ગુજરાતના હવામાન પર પડી રહી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે વાતાવરણમાં વારંવાર મોટા ફેરફારો નોંધાઈ રહ્યા છે.

# લગ્નમાં મંજૂરી વિના DJ વગાડનાર ચાર સંચાલકો સામે ગુનો દાખલ કરાયો

**DJ સહિત** રૂ.1.85 લાખનો મુદ્દામાલ કબજે કરાયો






(પ્રતિનિધિ) વડોદરા તા.10

હાલ લગ્નની સિઝન ચાલી રહી છે ત્યારે વરઘોડા તથા અન્ય પ્રસંગોમાં DJ વગાડવાનું પ્રમાણ વધી ગયું છે. જોકે, પોલીસની પૂર્વ મંજૂરી વિના DJ અને લાઉડસ્પીકર વગાડી ઘોંઘાટ કરતા સંચાલકો સામે વડોદરા પોલીસે હવે લાલ આંખ કરી કડક કાર્યવાહી શરૂ કરી છે. મંજૂરી વગર લગ્નમાં DJ વગાડનાર ચાર સંચાલકો સામે ગુનો દાખલ થતાં DJ સંચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

વડોદરા પોલીસ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કોઈ પણ સામાજિક પ્રસંગમાં DJ અથવા લાઉડસ્પીકર વગાડવા માટે નિર્ધારિત સમયમર્યાદા અને પોલીસની સત્તાવાર પરવાનગી અનિવાર્ય છે. તેમ છતાં કેટલાક DJ સંચાલકો અને આયોજકો પોલીસ પરમિશન વિના બિન્દાસ્ત રીતે જોરશોરથી DJ વગાડતા હોવાથી જાહેર શાંતિ ભંગ થતી હોય છે. આવા કિસ્સાઓને ધ્યાને લઈ પોલીસે હવે કાર્યવાહી તેજ કરી છે. લક્ષ્મીપુરા રોડ પર એચ.બી. પટેલ ફાર્મ પાસે ગોરવા પોલીસે એક લગ્ન પ્રસંગ દરમિયાન DJ વાગતો હોવાનું જાણવા મળતાં આઈસર ટેમ્પો રોકી તપાસ કરી હતી. DJ માલિક ચંદન લાલાભાઈ ચૌહાણ પાસે DJ વગાડવાની કોઈ પરવાનગી ન હોવાનું બહાર આવતા જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી DJ સહિત રૂ. 1.85 લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આ મામલે બી.એન.એસ એક્ટ કલમ 292, 223 તથા જી.પી. એક્ટ કલમ 131 હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. તે ઉપરાંત અટલાદરાના DJ સંચાલક નિલેશકુમાર પરમાર, કમલેશ રમેશ પંચાલ (રહે. પરિમલ સોસાયટી, અંકુર હોસ્પિટલ સામે, છાણી જકાતનાકા) અને અંકિત ભીખાભાઈ પરમાર (રહે. મહુવડ, તા. પાદરા, જી. વડોદરા) સામે પણ પોલીસ કમિશનરના જાહેરનામાનો ભંગ કરવા બદલ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે ચેતવણી આપી છે કે ભવિષ્યમાં પણ મંજૂરી વિના DJ વગાડનાર સામે કડક પગલાં લેવામાં આવશે.

# શિવજી કી સવારીને લઈ પાર્કિંગ-નોપાર્કિંગ અને રૂટ જાહેર કરાયા

**યાત્રા** પૂર્ણ ન થાય ત્યાં સુધી આ જાહેરનામુ અમલમાં રહેશે

(પ્રતિનિધિ) વડોદરા તા.10

મહા શિવરાત્રીના પવિત્ર દિવસે નીકળનારી શિવજી કી સવારી શોભાયાત્રા દરમિયાન વાહન ચાલકોને ટ્રાફિકની મુશ્કેલી વેઠવી ના પડે તેના માટે પોલીસ કમિશનર દ્વારા પ્રતિબંધિત રસ્તા, વૈકલ્પિક રૂટ તથા નો પોર્કિંગ સાથે જાહેરનામુ પ્રસિદ્ધ કરાયુ છે. ત્યારે 15 ફેબ્રુઆરીએ શોભાયાત્રા પૂર્ણ ના થાય ત્યા સુધી આ જાહેરનામુ અમલમાં રહેશે.

વડોદરામાં મહાશિવરાત્રી નિમિત્તે ભવ્ય રીતે શિવજી કી સવારીની શોભાયાત્રા કાઢવામાં આવતી હોય છે. ત્યારે આ વર્ષ 15 ફેબ્રુઆરીના રોજ શિવરાત્રી હોય ત્યારે આ વર્ષે પણ શિવજી કી સવાર કાઢવમાં આવનારી છે. જેમાં દર વર્ષની જેમ સત્યમ શિવમ સુંદરમ પરીવાર તરફથી શિવયાત્રાનું આયોજન કરાયું છે. જેનો રૂટ વાડી, રણમુકતેશ્વર મહાદેવ મંદિરથી નીકળી વિહાર સિનેમા ચાર રસ્તા,, નાની શાકમાર્કેટ, ચોખંડી ચાર રસ્તા, ગેંડીગેટ દરવાજા માંડવી, એમ.જી. રોડ, લહેરીપુરા દરવાજાથી સીધા લાલકોર્ટ બિલ્ડીંગ ત્રણ રસ્તા, વીરભગતસિંહ ચોક સર્કલ, રાજમહેલ રોડ, ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા, દાંડીયાબજાર ચાર રસ્તા, ફાયર બ્રિગેડ ચાર રસ્તા, મહારાણી સ્કુલ ત્રણ રસ્તા, સુરસાગર પાળે,પ્રતાપ સિનેમા, મહાત્મા ગાંધી નગરગૃહ, જ્યુબીલીબાગ સર્કલ રાવપુરા રોડ, ટાવર ચાર રસ્તા, કોઠી ચાર રસ્તાથી સીધા ફુલબારીનાકા, કૈલાસપુરી આવી કલાક 22 વાગે આવી પૂર્ણ થશે. ત્યારે આ પ્રસંગે જાહેર જનતાને અગવડ ન પડે અને ટ્રાફિકનું યોગ્ય રીતે સંચાલન થાય તેવા હેતુથી નો-પાર્કિંગ અને એન્ટ્રી અંગેનું જાહેરનામુ પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. 15 ફેબ્રુઆરીએ બપોરના કલાક 1થી શિવજી કી સવારી શોભાયાત્રા પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે. ત્યારે પોલીસ કમિશનર દ્વારા શિવજી કી સવારીને લઈને પ્રતિબંધિત રસ્તા, નો પાર્કિંગ વૈકલ્પિક રૂટ જાહેર કરાયા છે.

### છ ખાતાધારકોના બચત ખાતામાંથી બારોબાર ઉપાડી લીધા બાદ વાપરી નાખ્યાં

# પોસ્ટ ઓફિસના પોસ્ટલ આસિસ્ટન્ટે દ્વારા રૂ.10.17 લાખની ઉચાપત કરી

**કૌભાંડ** આચરવાના કારણે કર્મચારીને ફરજ મુક્ત પણ કરી દેવાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.10

ફતેગંજ વિસ્તારમાં આવેલી પોસ્ટ ઓફિસમાં પોસ્ટલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા કર્મચારીએ બચત 6જેટલા ખાતા ધારકના લોગિન આઈડી તથા પાસવર્ડ મેળવીને તેમના ખાતામાંથી રૂપિયા 10.17 લાખ જેટલી માતબર રકમ બારોબારી ઉપાડી લીધી હતી. ત્યારબાદ આ રકમ અંગત વપરામાં ખર્ચી નાખી નાણાકીય ઉચાપત કરી હતી. જેથી ઈન્સ્પેક્ટરે ફરિયાદ નોંધાવતા પોલીસે કર્મચારીને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે કાંડ કરવાના કારણે કર્મચરીઓને હાલમાં ફરજ મુક્ત કરી દેવામાં આવ્યો છે.

વડોદરા શહેરના સમતા સુભાનપુરા વિસ્તારમાં આવેલી સરદાર પટેલ હાઈટ્સ સોસાયટીમાં રહેતા નિતિનભાઈ બાબુભાઈ પરમાર ફર્ટીલાઈઝર નગર સેન્ટ્રલ સબ ડીવીઝન (વડોદરા પશ્ચિમ વિભાગ) માં ઈન્સ્પેક્ટર ઓફ પોસ્ટ ઓફીસીસ તરીકે ફરજ નિભાવે છે તેઓએ નોંધાવેલી ફરિયાદ મુજબ રાહુલ સુનિલકુમાર (રહે. હાલ ગોરવા મૂળ બિહાર)એ ગત 15 ઓગષ્ટ 2025થી 17 ઓગષ્ટ 2025 દરમ્યાન ફતેહગંજ પોસ્ટ ઓફીસમાંથી આરોપી રાહુલ વર્મા પોતે પોસ્ટ ઓફીસમાં પોસ્ટલ આસીસ્ટન્ટ હોવા છતા ધર્મેશભાઈ વેરસિંહભાઈ રબારી પાસેથી હાર્દિકકુમાર દિલીપ પટેલ તથા ભાવનાબેન દિલીપભાઈ પટેલ તેમજ દિલીપભાઈ ભીખાભાઈ પટેલના પોસ્ટ ઓફીસના બચત ખાતાના આઈડી પાસવર્ડ મેળવી લીધા હતા. ત્યારબાદ આઈડી પાસવર્ડ દ્વારા બે લોકોના એકાઉન્ટમાં લોગીન કરી આરોપીનાઓએ પોતાના સાળા અને સાળીના મોબાઈલ નંબર અને ઈમેલ એડ્રેશ લીંક કરી બેન્ક એકાઉન્ટમાંથી રૂ.10.17 લાખ ખાતા ધારકની જાણ બહાર બારોબાર ઉપાડી નાણાકીય ઉપાચત કરવામાં આવી હતી. ત્યારબાદ આ ભેજાબાજોએ તમામ નાણા પોતાના અંગત ઉપયોગમાં લઈ વાપરી નાખીને ઠગાઈ આચરવામાં આવી હતી. જેથી ફતેગંજ પોલીસ દ્વારા પોસ્ટલ આસિસ્ટન્ટ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો દાખલ કરીને તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે કૌભાંડ કરવાના કારણે રાહુલ વર્માને ફરજમુક્ત કરી દેવામાં આવ્યાં છે.

# ઉંડેરા-કરોડિયામાં ગેરકાયદે પ્લોટિંગમાં કરોડોનું કૌભાંડ : તંત્રની મિલીભગત?

**રાજકીય** આશ્રય આપનારાઓને ખુલ્લા પાડીશું : સામાજીક કાર્યકર

(પ્રતિનિધિ) વડોદરા તા.10

ઉંડેરા-2 અને કરોડિયા વિસ્તારમાં ગેરકાયદેસર રીતે પ્લોટિંગના મામલામાં ચકચાર મચી છે. 4 વીઘા જમીન પર NA (બિનખેતી) મંજૂરી વિના 166 પ્લોટ પાડી દેવામાં આવ્યા છે. આ કૌભાંડમાં અંદાજે 2 કરોડની જમીન ગેરકાયદેસર રીતે પ્લોટિંગ કરીને કરોડોનો નફો કમાયો છે. વધુમાં, આ બધું ત્યારે બની રહ્યું છે જ્યારે નગરસેવ વિભાગે આ પ્રકારની જમીન માટે ગટર કનેક્શન આપવું ન હતું, પરંતુ એ ગટર લાઈન અહીં કેવી રીતે પહોંચી? આ એજ વાત દર્શાવે છે કે તંત્રના કોર્પોરેટરો અને અધિકારીઓની સંડોવણી છે.

શું કોર્પોરેટરોને આ ગેરકાયદેસર પ્રવૃત્તિનો હિસ્સો નથી? શું અધિકારીઓએ ખોટી આકારણી અને મંજૂરી અંગે રાજકીય દબાણોનો સામનો કર્યો છે? સામાન્ય નાગરિકો જ્યારે ન્યાય માટે ઝઝૂમતા હોય, ત્યારે આવા ગેરકાયદેસર કામો કેમ થવા પામે છે?

આ મુદ્દે સામાજિક કાર્યકરો અને નાગરિકોએ તંત્ર સામે મોરચો સજ્જ કર્યો છે. તેમણે તંત્રને નીચે આપેલી માંગણીઓ કરી છે. કૌભાંડમાં સંડોવાયેલા તમામ કોર્પોરેટરો પર તાત્કાલિક ભ્રષ્ટાચારનો ગુનો દાખલ કરવામાં આવે. નિષ્ણાત અને નિષ્પક્ષ સમિતિ દ્વારા સંપૂર્ણ તપાસ શરૂ કરવી.

ખોટી આકારણી અને ગટર લાઈન મંજૂરી આપનાર અધિકારીઓ પર કાયદેસરની કાર્યવાહી. ગેરકાયદેસર નફાની વસૂલાત અને સરકારી નુકસાનની પુરી વળતર. સામાજિક કાર્યકરોનું કહેવું છે કે, જો આ તપાસ યોગ્ય રીતે થાય, તો મોટા મોટા માથાઓના ભેદ ખૂલી જશે. આ લડત હવે જનતાના હક માટે છે અને અમે જ્યારે સુધી સાચો ન્યાય નહિ મળે, આગળ વધતા રહીશું.

## રેલવે સ્ટેશનના ગરનાળામાં પોલીસ બસ ફસાતા ટ્રાફિકજામ ,વાહનચાલકો અટવાયા




■ વડોદરા શહેરના રેલ્વે સ્ટેશન ગરનાળાને થોડા સમય પહેલા જ રીનોવેશન કરવામાં આવ્યું હતું. જોકે એ બાદ અનેક વખત મોટા વાહનો આ ગરનાળામાંથી પસાર થતાં ફસાઈ ગયા હોવાની ઘટના બની હતી. તેમ છતાં હજીએ કેટલાક મોટા વાહનો આ માર્ગ પરથી પસાર થઈ રહ્યા છે અને ગરનાળામાં આવી ફસાઈ જતા હોય છે. ત્યારે, ગત મોડી રાત્રે આવીજ એક ઘટના ફરી બની હતી. સયાજીગંજ વિસ્તારમાંથી અલકાપુરી તરફ જઈ થઈ રહેલી પોલીસની બસ ગરનાળામાં ફસાઈ ગઈ હતી. ગરનાળાની ઊંચાઈ ઓછી હોવાના કારણે બસની ઉપરનો ભાગ ગરનાળાની છત સાથે ધડાકાભેર અથડાયો હતો અને બસ ગરનાળાની વચ્ચે ફસાઈ ગઈ હતી.

**સંસ્કારનગરી હવે મગરનગરી** | વિશ્વનું એકમાત્ર શહેર જ્યાં ગીચ વસ્તી વચ્ચે વસે છે મગરોનું સામ્રાજ્ય

# વિશ્વામિત્રીના 25 કિ.મી. વિસ્તારમાં 417 મગરોનું સામ્રાજ્ય

(પ્રતિનિધિ) વડોદરા. તા.10

વડોદરા શહેરની ઓળખ અત્યાર સુધી ગાયકવાડી વારસો, કલા અને સંસ્કાર પૂરતી સીમિત હતી, પરંતુ હવે તેમાં એક નવું અને સાહસિક પ્રકરણ ઉમેરાયું છે. વિશ્વામિત્રી નદીના કિનારે વસેલા આ શહેરમાં મનુષ્યો અને જળચર હિંસક પ્રાણી 'મગર' વચ્ચેનું જે સહ-અસ્તિત્વ જોવા મળે છે, તે આજે સમગ્ર વિશ્વ માટે કુતૂહલનો વિષય બન્યું છે. તાજેતરમાં થયેલી વૈજ્ઞાનિક ગણતરી મુજબ, વિશ્વામિત્રીના ૨૫ કિલોમીટરના વિસ્તારમાં 417 મગરો વસવાટ કરી રહ્યા છે, જે પૈકી શહેરના અતિ વ્યસ્ત એવા નરહરિ હોસ્પિટલથી કાલાઘોડા વચ્ચેના માત્ર 2 કિમીના પટમાં જ 103 મગરોનો જમાવડો જોવા મળ્યો છે. એમ.એસ. યુનિવર્સિટીના ઝૂઓલોજી વિભાગના પ્રોફેસર ડો. રણજીતસિંહ દેવકરના માર્ગદર્શન હેઠળ થયેલી આ ગણતરીમાં સૌથી નોંધપાત્ર બાબત મગરોની ઘનતા (Density) છે. સામાન્ય રીતે મગરો એકાંત પસંદ કરતા હોય છે, પરંતુ વડોદરાના હાર્દ સમાન નરહરિથી કાલાઘોડા વિસ્તારમાં 103 મગરો એકસાથે જોવા મળ્યા છે. આ આંકડો સૂચવે છે કે આ વિસ્તાર મગરો માટે સલામત આશ્રયસ્થાન અને પ્રજનન માટે ઉત્તમ વાતાવરણ પૂરું પાડે છે. આ વર્ષની ગણતરી કોઈ સામાન્ય અંદાજ નહીં પણ પાકા પાયે અને વૈજ્ઞાનિક પદ્ધતિથી કરવામાં આવી હતી.

### 25 કિમીના પટને 10 ઝોનમાં વહેંચી ગણતરી કરાઈ



**ડબલ શિફ્ટ કામગીરી :** સવારે 9 થી 11 દરમિયાન 'ડાયરેક્ટ સાઈટીંગ' (સીધી નજરે) અને રાત્રે 8 થી 10 દરમિયાન 'નાઈટ સર્વે' કરવામાં આવ્યો હતો.

**ટેકનિક :-** રાત્રિના સમયે ટોર્ચના પ્રકાશમાં મગરોની આંખોમાં થતા પરાવર્તનને આધારે તેમની સચોટ સંખ્યા અને સ્થાન નક્કી કરવામાં આવ્યું હતું. આ કામગીરીમાં યુનિવર્સિટીના 30 વોલિન્ટિયર્સ, વન વિભાગની ટીમ અને સ્થાનિક NGOના સભ્યોએ ખડેપગે સેવા આપી હતી. નિષ્ણાતોના મતે, વડોદરાને હવે અધિકૃત રીતે ક્રોકોડાઈલ સિટી તરીકે જાહેર કરવાનો સમય આવી ગયો છે.

**ડો. દેવકર જણાવે છે કે,** મેક્સિકોની નદીઓ, નાઈલ નદી કે ઓસ્ટ્રેલિયામાં મગરો ચોક્કસ જોવા મળે છે, પણ તે માનવ વસ્તીથી દૂર હોય છે. વિશ્વમાં વડોદરા એકમાત્ર એવું ઉદાહરણ છે જ્યાં શહેરની બિલકુલ મધ્યમાં, ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોની વચ્ચે મગરો માત્ર જીવતા નથી, પણ તંદુરસ્ત રીતે વધી રહ્યા છે.

### આંકડાકીય માહિતી

**વર્ષ 2020 : 212**

**વર્ષ 2025 : 442** (જેમાં શહેરના તળાવોના મગરો પણ સામેલ હતા)

**વર્ષ 2026 : 417**

2020 થી 2025 ના 5 વર્ષના ગાળામાં મગરોની સંખ્યામાં આશરે 60% જેટલો જંગી વધારો નોંધાયો છે.

**અકોટા બ્રિજ થી દેણા :-** સૌથી વધુ 220 મગરો નોંધાયા છે.

**કાલાઘોડા થી નરહરિ હોસ્પિટલ** :- 103 મગરો જોવા મળ્યા છે.

**કલાલી થી તલસટ** : 77

**અકોટા બ્રિજ થી મુજમહુડા** :- 55

**વડસર બ્રિજ થી કલાલી** :- 48

### કામમાં ગોટાળાની શંકા સાથે વેપારીઓનો સૂત્રોચ્ચાર સાથે વિરોધ

# મંગળ બજારમાં પેવર બ્લોકની કામગીરીમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ

**બ્લોકનું** લેવલ ઊંચું કરી દેતા દુકાનોમાં પાણી ઘૂસવાની ભીતિ



(પ્રતિનિધિ) વડોદરા,તા.10

વડોદરા શહેરના મંગળ બજાર વિસ્તારમાં મહાનગરપાલિકા દ્વારા પેવર બ્લોક નાખવાની કામગીરી શરૂ કરવામાં આવતા સ્થાનિક વેપારીઓમાં નારાજગી જોવા મળી રહી છે. જૂના પેવર બ્લોકની ઉપર જ નવા પેવર બ્લોક નાખી દેવાયા હોવાના આક્ષેપ સાથે વરસાદના સમયમાં દુકાનોમાં પાણી ભરાઈ જવાની ભીતિ વેપારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

વડોદરા મહાનગર પાલિકા દ્વારા મંગળ બજારમાં પેવર બ્લોક નાખવાની કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે સ્થાનિક વેપારીઓમાં આ કામગીરીને લઈને નારાજગી ફેલાય છે. વેપારીઓનો આક્ષેપ છે કે, મહાનગર પાલિકાએ જૂના પેવર બ્લોક દૂર કર્યા વગર તેના ઉપર જ નવા બ્લોક નાખી દીધા છે. જેના કારણે રસ્તાનું લેવલ વધીને દુકાનો કરતાં ઊંચું થઈ ગયું છે. જેના કારણે આવનારા વરસાદી સમયમાં દુકાનોમાં પાણી ઘુસી જવાની ભીતિ સતાવી રહી છે. આ ઉપરાંત, નવા નાખવામાં આવી રહેલા પેવર બ્લોકની ગુણવત્તા નીચી હોવાનો પણ વેપારીઓએ આક્ષેપ કર્યો છે. વેપારીઓએ જણાવ્યું હતું કે, જો મહાનગર પાલિકા દ્વારા યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો બજાર બંધ રાખીને વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે. જોકે બીજી તરફ વેપારીઓ દ્વારા વિરોધ કરવામાં આવતા પાલિકાના અધિકારીઓ દ્વારા સ્થળ પર પહોંચ્યા હતા અને તેઓએ યોગ્ય કામગીરી કરી હોવાનું જણાવ્યું હતું, સાથે જ વેપારીઓની રજૂઆત ઉચ્ચ અધિકારીઓને કરી હોવાનું જણાવી અધિકારી દ્વારા તે પ્રમાણે કામગીરી કરવામાં આવશે હોવાની ખાતરી આપવામાં આવી હતી.